# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## પ્રથમ વર્ષ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે પ્રથમ ઓફ લાઈન રાઉન્ડ બાદ ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમ

શૈક્ષણિક વર્ષ-૨૦૧૬-૧૭ ની ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૭-૧૦-૨૦૧૬ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ હતી. ત્યાર બાદ ખાલી રહેલી બેઠકો માટે ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ કોલેજો / સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ચૂકવણી) નિયમ ૨૦૦૮ ના નિયમ-૧૯ મુજબ "ખાલી બેઠકો" ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચનાલયનાં તાબા હેઠળની ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ધોરણે ચાલતી સંસ્થાઓ ખાતે પ્રથમ વર્ષ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી  પ્રવેશ વર્ષ-૨૦૧૬ માટે તા. ૧૨-૧૦-૨૦૧૬ ની જાહેરાત મુજબ કરેલ પ્રથમ ઓફલાઈન રાઉન્ડની પ્રક્રિયા બાદ પ્રવેશ રદ્દ કરવાને લીધે ખાલી પડેલ બેઠકો માટે પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯-૧૧-૨૦૧૬ | સરકારી / અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થોઓની ખાલી બેઠકોની યાદી એસીપીસીની વેબસાઈટ ઉપર જાહેરાત. |
| ૨. | ૦૯-૧૧-૨૦૧૬ થી ૧૦-૧૧-૨૦૧૬ | સરકારી / અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી બેઠકો માટે રજીસ્ટર ઉમેદવારોની ઓનલાઈન કન્સેન્ટ લેટર (સંમતિ પત્ર) અને રજીસ્ટર ન હોય તેવા ઉમેદવારોનો કન્સેન્ટ લેટર (સંમતિ પત્ર) જે તે સંસ્થાઓ ખાતે જમા કરાવવા. |
| ૩. | ૧૧-૧૧-૨૦૧૬ થી | સરકારી / અનુદાનિત અને  સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી બેઠકો માટે સંસ્થા સ્તરે ઈન્ટર-સી-મેરીટની સંસ્થાની વેબસાઈટ અને સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર જાહેરાત. |
| ૪. | ૧૨-૧૧-૨૦૧૬ થી ૧૫-૧૧-૨૦૧૬ | સરકારી / અનુદાનીત અને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે કાઉન્સીલીંગ અને પ્રવેશ પ્રક્રીયા. |
| ૫. | ૧૬-૧૧-૨૦૧૬ | સરકારી / અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા ખાલી બેઠકો ઉપર સંસ્થા સ્તરે ફાળવેલ પ્રવેશની યાદીની ફાઈલ એસીપીસી, અમદાવાદ ખાતે જમા કરાવવાની અંતિમ તારીખ. |

પ્રવેશ મળ્યેથી તે જ સમયે ટ્યુશન ફી રોકડમાં પ્રવેશ મળેલ સંસ્થા ખાતે ભરવાની રહેશે. પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમાં કરાવવાની જરૂરીયાત નથી, ઉમેદવારોએ સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે, જેની નોંધ લેવી.

આ રાઉન્ડમાં સંમતિ આપવાથી તે બેઠકો ઉપર પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

**તા. ૦૭-૧૧-૨૦૧૬** **— મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**